## હૃદય રોગ વિભાગ - ઇન્ટવેન્શનલ કાર્ડીયોલૉજી




**ડૉ. ઋત્વિક ત્રિવેદી**
એમડી મેડિસિન,
ડીએનબી કાર્ડીઓલોજી (ગોલ્ડ મેડાલિસ્ટ)
એફએસીસી, એફઇએસસી
ફેલોશિપ ઈન કોમ્પ્લેક્સ કોરોનરી
ઈન્ટરવેન્શન (દક્ષિણ કોરીઆ)




**ઝાયડસ હૉસ્પિટલ**

ઝાયડસ હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર રીસર્ચ પ્રા. લિ. દ્વારા ગુજરાતની સૌથી મોટી, ખૂબ જ આધુનિક, તથા સર્વગ્રાહી અને સર્વશ્રેષ્ઠ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલની સ્થાપના આણંદ ખાતે કરવામાં આવી છે. ઝાયડસ હોસ્પિટલ્સની સ્થાપના સમાજને આરોગ્ય સંભાળની સેવાઓ સુલભ બનાવવામાં અગ્રણી સંસ્થા તરીકે પ્રસ્થાપિત થવાની પરિકલ્પના સાથે કરવામાં આવી છે, જેથી તે દરેક લોકો માટે તમામ પ્રકારની આરોગ્ય સંભાળ તથા સારવાર માટેની એક પસંદગીની સંસ્થા બની રહે.

મેડિકલ ટેક્નોલૉજીના, તબીબી સંશોધનના વિકાસ તથા સર્વોત્તમ સંચાલન વ્યવહારોના માધ્યમથી સમાજને વિશ્વ કક્ષાના આરોગ્ય સંભાળના ઉપાયો સુલભ બનાવવા તે અમારો ધ્યેય-છે. ઝાયડસ હૉસ્પિટલ્સ ખાતે તમામ પ્રકારની મેડિકલ સ્પેશિયાલિટીઝ, ઈન્વેસ્ટીગેશન ડાયેગ્નોસ્ટિક સુવિધાઓ, રીહેબિલિટેશન અને ફિઝિકલ કેર સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ છે.

અમારો હેતુ સર્વોત્તમ સારવાર ઉત્તમ આરોગ્ય માટેની સગવડ સાથે આરોગ્યના ઉચીત માપદંડ, પારદર્શક તેમજ ઉમદા દરો સાથે સારવાર પુરી પાડવાનો છે.


Zydus Hospitals
A Complete Hospital
Anand

**ઝાયડસ હૉસ્પિટલ**
ઇન્દિરા ગાંધી સ્ટેચ્યુ પાસે, આણંદ-લાંભવેલ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧
**૨૪x૭ ઈમરજન્સી હેલ્પલાઈન**: ૦૨૬૯૨-૬૧૯૫૦૧/૨૨૬૦૦૧
www.zydushospitals.com /ZydusHospitalsAnand



cGreenOT Certified Green Operation Theatre | NABH | NABH Certified Nursing Services

**સારા સ્વાસ્થ્યનું સ્મિત અહીંથી શરૂ થાય છે.**

CARDIOLOGY

Zydus Hospitals
A Complete Hospital
Anand

# કોરોનરી એન્જીયોપ્લાસ્ટી



**અમે પહોંચીશુ તમારા હૃદય સુધી**

કાયમી, સક્ષમ તથા અનુભવી ડૉક્ટર્સ | પારદર્શક બિલિંગ | નિયત પેકેજીસ | કોઈ પણ પ્રકારનો સર્વિસ ચાર્જ નહીં


ઝાયડસ હોસ્પિટલમાં, અમે અમારા દર્દીઓને પારદર્શક સલાહ આપવામાં માનીએ છીએ.

## કોરોનરી એન્જીયોપ્લાસ્ટી શું છે ?

હૃદયની ધમનીઓમાં રહેલ બ્લોકેજ દુર કરવામાં આવતી પ્રક્રિયાને એન્જીયોપ્લાસ્ટી કહેવાય છે. એન્જીયોપ્લાસ્ટી પછી નિયમિત દવાઓ તેમજ ખોરાકમાં સંતુલન જાળવી રાખવાથી જોખમને કાબુમાં રાખી શકાય છે.

## કોરોનરી આર્ટરી ડીસીઝ શું છે ?

વધતી ઉંમર અને અન્ય કોમ્પલેક્સ કારણોથી હૃદયની ધમનીઓ નાની થઇ ગઇ હોય છે. ઉપરાંત, કોલેસ્ટ્રોલ અને ક્ષાર લોહીમાંથી હૃદયની નળીઓમાં જમા થાય છે. આ બધાના ભેગા થવાથી બ્લોકેજનું નિર્માણ થાય છે. બ્લોકેજને કારણે કોરોનરી આર્ટરીમાં લોહીનો પ્રવાહ ઓછો મળી શકે છે. બ્લોકેજથી આર્ટરી સમુદમાંથી રફ પણ થઇ શકે છે અને આ રફ સર્ફેસની જગ્યાએ લોહી ગંઠાઇ જાય છે અને આર્ટરી નાની થાય છે. લોહી ગંઠાઇ જવાથી આર્ટરીમાંથી લોહીનો પ્રવાહ બંધ થઇ જાય છે.




## હાર્ટ એટેક શું છે ?


જો હૃદયની ધમની અચાનક બંધ થઇ જાય તો હૃદયના અમુક ભાગ માટેનો લોહીનો પ્રવાહ સંપૂર્ણ બંધ પડી



જાય છે. આવા કિસ્સામાં હૃદયના અમુક સ્નાયુઓને કાયમી નુકશાન પહોંચે છે. આની સાથે ઘણીવાર સખત છાતીનો દુઃખાવો થાય છે જે મટતો નથી. આને માયોકાર્ડિયલ ઇનફાકશન અથવા વધુ સામાન્ય રીતે, હાર્ટ એટેક કહેવાય છે.

## એન્જીયોપ્લાસ્ટી કેવી રીતે કરવામાં આવે છે ?


એન્જીયોપ્લાસ્ટી કેથ લેબમાં કરવામાં આવે છે. દર્દીને માનસિક તણાવ ન થાય તે માટે તેઓને એન્જીયોપ્લાસ્ટીની પ્રક્રીયા પહેલા અને દરમ્યાન દવા આપવામાં આવે છે. એન્જીયોપ્લાસ્ટીની શરૂઆતમાં હાથમાં લોહીની ધમનીની અંદર કેથેટર દાખલ કરવામાં આવે છે. એક્સ-રેની મદદથી હૃદયરોગ નિષ્ણાત ફ્લોરોસ્કોપ પર કેથેટરના માર્ગને અનુસરે છે અને હૃદયની ધમનીના બ્લોકેજીસને જટીલ પ્રક્રિયાની મદદથી



દુર કરે છે. તેમાં તાર (વાયર), બલુન, થ્રોમ્બોસકશન, IVUS, રોટાબ્લેટર, સ્ટેન્ટ જેવા સાધનો વાપરવાની જરૂર પડે છે. કેટલાક કેસોમાં, ડોક્ટરે દ્વારા એન્જીયોગ્રામનાં રીપોર્ટ પછી તરત જ એન્જીયોપ્લાસ્ટી કરવી પડતી હોય છે. જેનાથી કોરોનરી આર્ટરી ખુલી જાય છે અને લોહીનો પ્રવાહ મળી રહે છે. પ્રક્રીયા દરમ્યાન જો દર્દીને દુઃખાવો જણાય તો તેણે તરત જ ડોક્ટરને જાણ કરવી જોઇએ.

## સ્ટેન્ટ શું છે ?

સ્ટેન્ટ એ પાતળા બલુન પર સખત રીતે પેક કરેલી ખાસ ધાતુની વિસ્તારી શકાય તેવી ટ્યુબ છે. બ્લોકેજ દુર કરાયા બાદ, સ્ટેન્ટ ધમનીને ટેકો આપવા અને સ્ટ્રક્ચરલ ફ્રેમ વર્કની જેમ ધમનીને ખુલ્લી રાખવા માટે ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. હાલમાં જુદા-જુદા સ્ટેન્ટ ઉપલબ્ધ છે, પરંતુ મેડીકેટેડ સ્ટેન્ટ (ડ્રગ-ઇલ્યુટીંગ સ્ટેન્ટ) સૌથી એડવાન્સ અને મહત્તમ ફાયદો કરતું સ્ટેન્ટ છે. આ સ્ટેન્ટ ધમનીની અંદર કાયમ માટે આરોપણ કરવામાં આવે છે. સ્ટેન્ટ આરોપણથી બે પ્રકારે ફાયદા થાય છે.




- બલુન ફુલાવ્યા પછી સ્ટેન્ટ મુકવાની જરૂર હોય છે જે આર્ટરીને ફરી બ્લોકેજ થતો અટકાવે છે. જે સ્ટેન્ટ દ્વારા અટકાવી શકાય છે.
- બલુન એન્જીયોપ્લાસ્ટી પછી ઘણા દર્દીઓને ફરીથી બ્લોકેજ થઇ શકે છે. જેને રીસ્ટેનોસિસ કહેવામાં આવે છે. સ્ટેન્ટથી તે થવાની શક્યતા ઓછી થાય છે.

## એન્જીયોપ્લાસ્ટીની પ્રક્રિયા પછી શું થાય છે ?

એન્જીયોપ્લાસ્ટીની પ્રક્રિયા પછી દર્દીઓને ખાસ દેખરેખ રાખનારા સાધનો સાથેના ઇન્ટેન્સિવ કેર યુનિટમાં લઇ જવામાં આવે છે.

જો દર્દીને કોઇપણ ગભરામણ કે દબાણનો અનુભવ થાય તો તરત જ નર્સને જાણ કરવી.

## એન્જીયોપ્લાસ્ટીનું વધુ સારું પરિણામ મેળવવા દર્દીએ શું કરવું જોઇએ ?

એન્જીયોપ્લાસ્ટીનું વધુ સારું પરિણામ મેળવવા દર્દી ઘણું કરી શકે છે :

- ધૂમ્રપાન અટકાવવું
- વજન પર કંટ્રોલ રાખવો
- કોલેસ્ટ્રોલ લેવલ પર કંટ્રોલ રાખવો
- નિયમીત કસરત કરવી
- નિયમીત દવાઓ લેવી
- નિયમીત ફોલો-અપ લેવા અને ડોક્ટર દ્વારા સુચવવામાં આવેલ ટેસ્ટ દ્વારા મોનીટરીંગ કરવું.